## પેજ 3

### મુંબઈમાં ગેસની અછત વચ્ચે ટ્વિંકલ ખન્નાએ બે ઇન્ડક્શન સ્ટવ ખરીદ્યા!



મુંબઈ, તા. 17 : અભિનેતા અક્ષય કુમારે મુંબઈમાં ચાલી રહેલી એલપીજી સિલિન્ડરની અછત અંગેના પૂછવામાં આવેલા પ્રશ્ન પર પ્રતિક્રિયા આપી છે. મંગળવારે બીએમસી હેડક્વાર્ટર ખાતે યોજાયેલી પ્રેસ-કોન્ફરન્સમાં બોલતાં અક્ષયે કહ્યું કે, તેની પત્ની અને લેખિકા ટ્વિંકલ ખન્નાએ પહેલેથી જ બે ઇન્ડક્શન સ્ટવ ખરીદી લીધા છે. બીએમસીની 'મુંબઈ ક્લીન લીગ' લોન્ચ કરવાની જાહેરાત કરવા માટે મુંબઈ ભાજપના પ્રમુખ અમીત સાતમ સાથે અક્ષય આ કાર્યક્રમમાં હાજર રહ્યો હતો. ફ્રી પ્રેસ જર્નલ દ્વારા શેર કરવામાં આવેલા એક વીડિયોમાં મીડિયા સાથે વાત કરતી વખતે અક્ષયને એલપીજી સિલિન્ડરની અછત વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. અક્ષયે તેના પર પ્રતિક્રિયા આપતાં કહ્યું, ''તો મારી પત્નીએ પરમ દિવસે... જુઓ અત્યાર સુધી તો કોઈ સમસ્યા નથી. પણ, પેલું બીજું કયું ઓવન આવ્યું છે, ઇન્ડક્શન જેવું કંઈક છે, તો બે ખરીદ્યા છે. તો તમે પણ ખરીદી લો.''

### શ્રીદેવી પ્રોપર્ટી વિવાદમાં બોની કપૂર હાઈકોર્ટ પહોંચ્યા



મુંબઈ, તા. 17 : દિવંગત અભિનેત્રી શ્રીદેવીની સંપત્તિને લઈને કાનૂની વિવાદ ફરી એકવાર ચર્ચામાં છે. ફિલ્મ-પ્રોડ્યુસર બોની કપૂર અને તેમની પુત્રીઓ જહાન્વી કપૂર તથા ખુશી કપૂરે આ મામલે મદ્રાસ હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા છે. રિપોર્ટ અનુસાર, આ સમગ્ર મામલો ચેન્નાઈના ઈસ્ટ કોસ્ટ રોડ પર આવેલી શ્રીદેવીની એક પ્રોપર્ટી સાથે જોડાયેલો છે. આ પ્રોપર્ટી પર એક વ્યક્તિએ દાવો કર્યો છે અને તે હેઠળ તેણે ચેંગલપટ્ટુની જિલ્લા અદાલતમાં અરજી દાખલ કરી હતી. આ મામલાની સુનાવણી કરતા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ, ચેંગલપટ્ટુએ કપૂર પરિવારની તે અપીલને ફગાવી દીધી હતી, જેમાં તેમણે આ અરજીને શરૂઆતના તબક્કે જ રદ કરવાની માંગ કરી હતી. નીચલી અદાલતના આ નિર્ણય વિરુદ્ધ હવે બોની કપૂર અને તેમની પુત્રીઓએ મદ્રાસ હાઈકોર્ટમાં પડકાર ફેંક્યો છે. તેમનું કહેવું છે કે આ મુકદ્દમો કાયદેસર રીતે ટકી શકે તેમ નથી અને તેને રદ કરવો જોઈએ.

### સેલિના જેટલીનો ભાઈ તેની સાથે વાત કરવા નથી માંગતો, કોર્ટે કેસ બંધ કર્યો



નવી દિલ્હી, તા. 17 : દિલ્હી હાઈકોર્ટે સોમવારે અભિનેત્રી સેલિના જેટલીની એ અરજીનો અંત આણ્યો હતો, જેમાં તેણે તેના અટકાયત કરાયેલા ભાઈને મળવાની પરવાનગી માંગી હતી. કોર્ટને જાણ કરવામાં આવી હતી કે, તેના ભાઈએ તેની સાથે વાત કરવાનો ઇનકાર કર્યો છે અને તે અત્યારે કોઈ કાનૂની સહાય મેળવવા માંગતો નથી. અદાલતે નોંધ્યું હતું કે, મેજર (નિવૃત્ત) વિક્રાંત જેટલી, જેઓ હાલ યુએઈમાં કસ્ટડીમાં છે, તેમણે કોન્સ્યુલર સંપર્ક દરમિયાન સ્પષ્ટપણે જણાવ્યું છે કે, તેઓ તેમની બહેન સાથે વાત કરવા માંગતા નથી. તેમણે આ તબક્કે કાનૂની પ્રતિનિધિત્વનો પણ ઇનકાર કર્યો છે અને ઉમેર્યું છે કે, આ બાબતે ભવિષ્યનો કોઈપણ નિર્ણય તેમની પત્ની દ્વારા લેવામાં આવશે.

### પટકથા લેખક સલીમ ખાનને મુંબઈની હોસ્પિટલમાંથી રજા અપાઈ



મુંબઈ, તા. 17 (PTI): મગજમાં હેમરેજ થયા બાદ ગયા મહિને મુંબઈની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા પીઢ પટકથા લેખક સલીમ ખાનને મંગળવારે રજા આપવામાં આવી હતી અને તેમને ઘરે લઈ જવામાં આવ્યા હતા. એમ સૂત્રોએ જણાવ્યું હતું. 90 વર્ષીય સલીમ ખાન, કે જેઓ પ્રખ્યાત 'સલીમ-જાવેદ' જોડીના હિસ્સા છે અને જેમણે જાવેદ અખ્તર સાથે મળીને 'શોલે', 'દીવાર' અને 'ડોન' જેવી ફિલ્મોની પટકથા લખી હતી, તેમને 17 ફેબ્રુઆરીએ બાંદ્રાની લીલાવતી હોસ્પિટલના આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમના દાખલ થયાના એક દિવસ પછી, હોસ્પિટલના ડોક્ટરોએ જણાવ્યું હતું કે, ખાનને બ્રેઇન હેમરેજ થયું હતું, જેની સફળ સારવાર કરવામાં આવી હતી અને સાવચેતીના ભાગરૂપે તેમને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા હતા.





» સ્પેનના વેલેન્સિયામાં પરંપરાગત વાર્ષિક ફાલાસ ફેસ્ટિવલ દરમિયાન ચાર્લી ચેપ્લિનની 1918ની ફિલ્મ શોલ્ડર આર્મ્સ દર્શાવતું 27 મીટર ઊંચું વિશાળ 'નિનોટ' પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. ચાલુ વર્ષની ઘટનાઓ અને સેલિબ્રિટીઝને દર્શાવતી કાર્ડબોર્ડની વિશાળ સંરચનાઓ 'ફાલાસ'ને જોવા માટે 15 માર્ચના રોજ લોકો એકઠા થયેલા જોઇ શકાય છે. સુથારોના સંઘના આદ્ય સંત સેન્ટ જોસેફને શ્રદ્ધાંજલિ આપવા માટે દર વર્ષે 19 માર્ચના રોજ સ્પેનના વેલેન્સિયાના રસ્તાઓ પર આ 'ફાલાસ'ને પ્રદર્શન પછી બાળવામાં આવે છે.

# ક્યુબામાં બ્લેકઆઉટ, 1.1 કરોડ લોકો વીજળી વગર હેરાન થયા

**ક્યુબાની** આ હાલત પાછળ જૂનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અમેરિકા દ્વારા લાદવામાં આવેલો ઉર્જા પ્રતિબંધ જવાબદાર

**છેલ્લા** ત્રણ મહિનાથી દેશમાં તેલનું એક પણ શિપમેન્ટ આવ્યું નથી, અત્યારે દેશ સોલર પાવર અને નેચરલ ગેસ પર નિર્ભર



હવાના, તા. 17 (એપી): ક્યુબામાં ઉર્જા અને આર્થિક કટોકટી વધુ ગંભીર બનતા સોમવારે આખા ટાપુ પર 'બ્લેકઆઉટ'ની સ્થિતિ સર્જાઈ હતી. લગભગ 1.1 કરોડની વસ્તી ધરાવતા આ દેશમાં વીજળીનું નેટવર્ક સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. છેલ્લા ચાર મહિનામાં વીજળી ગુલ થવાની આ ત્રીજી મોટી ઘટના છે.

ઉર્જા મંત્રાલયે આ 'કમ્પ્લીટ ડિસ્કનેક્શન'ની તપાસ શરૂ કરી છે, પરંતુ હાલ માત્ર હવાનાના 18,000 ગ્રાહકો એટલે કે માત્ર 2% વસ્તી સુધી જ વીજળી પહોંચાડી શકાઈ છે.

ક્યુબાની આ હાલત પાછળ જૂનું પુરાણું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અમેરિકા દ્વારા લાદવામાં આવેલો ઉર્જા બ્લોકેડ જવાબદાર મનાય છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાન્યુઆરીમાં ચેતવણી આપી હતી કે ક્યુબાને તેલ વેચનાર કોઈપણ દેશ પર ટેરિફ લાદવામાં આવશે. ટ્રમ્પે ક્યુબાને 'અત્યંત નબળો દેશ' ગણાવીને તેના પર સંપૂર્ણ અંકુશ મેળવવાની શક્યતા પણ વ્યક્ત કરી છે. બીજી તરફ, વેનેઝુએલાથી આવતો તેલનો પુરવઠો પણ જાન્યુઆરીથી બંધ થઈ ગયો છે.

નિષ્ણાતોના મતે ક્યુબાનું પાવર ગ્રીડ તેની નિર્ધારિત આયુષ્ય મર્યાદા વટાવી ચૂક્યું છે. હાલ દેશ પાસે સ્પેરપાર્ટ્સ ખરીદવા કે ગ્રીડને અપગ્રેડ કરવા માટે વિદેશી હૂંડિયામણની ભારે અછત છે. પ્રમુખ મિગુએલ ડિયાઝ-કેનલે સ્વીકાર્યું છે કે છેલ્લા ત્રણ મહિનાથી દેશમાં તેલનું એક પણ શિપમેન્ટ આવ્યું નથી અને અત્યારે દેશ સોલર પાવર તથા નેચરલ ગેસ પર નિર્ભર છે. આ અછતને કારણે હજારો લોકોની સર્જરી પણ પાછી ઠેલવી પડી છે.

આ સંકટમાંથી બહાર આવવા ક્યુબા હવે અમેરિકા સાથે વાટાઘાટો કરી રહ્યું છે. સરકારે નવી આર્થિક નીતિઓ પણ જાહેર કરી છે. જોકે, નિષ્ણાતો ચેતવણી આપી રહ્યા છે કે જો ચીન જેવા દેશો સોલર પેનલ્સ અને અન્ય ઉપકરણોની મદદ નહીં કરે, તો દેશમાં સામાજિક અરાજકતા અને મોટા પાયે સ્થળાંતરની સ્થિતિ સર્જાઈ શકે છે.

# પાકિસ્તાની તેલ ટેન્કરને હોર્મુઝની ખાડીમાંથી પસાર થવા ઈરાને આપી મંજૂરી

**1 લાખ** ટન ક્રૂડ ઓઈલ લઈ જતું જહાજ આજે કરાચી બંદરે પહોંચશે

કરાચી, તા. 17 (પીટીઆઈ): ઈરાને એક પાકિસ્તાની વેપારી ઓઈલ ટેન્કરને હોર્મુઝની ખાડીના પોતાના વિસ્તારમાંથી પસાર થઈને અરબી સમુદ્રમાં પાકિસ્તાની જળસીમામાં પ્રવેશવાની મંજૂરી આપી છે. મંગળવારે અધિકારીઓએ આ અંગે માહિતી આપી હતી.

પાકિસ્તાન નેશનલ શિપિંગ કોર્પોરેશન (પીએનેસસી)ના પ્રવક્તા ફારૂક નિઝામીના જણાવ્યા અનુસાર, અંદાજે 1,09,990 ટન ક્રૂડ ઓઈલ લઈ જતું જહાજ 'એમટી કરાચી' બુધવારે કરાચી પોર્ટ ટ્રસ્ટ પર પહોંચશે.

આ જહાજે અબુ ધાબીના દાસ આઇલેન્ડ પરથી તેલ ભરીને 15 માર્ચના રોજ મુસાફરી શરૂ કરી હતી. અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના વધતા સંઘર્ષને કારણે આ સાંકડા સમુદ્રી માર્ગમાં સેંકડો જહાજો ફસાયેલા છે, તેવા સમયે ઈરાની સત્તાવાળાઓ પાસેથી મંજૂરી મેળવીને આ ટેન્કર સુરક્ષિત રીતે બહાર નીકળવામાં સફળ રહ્યું છે.

પાકિસ્તાને પોતાની ઉર્જા પરિવહન ક્ષમતા વધારવા માટે આ વર્ષની શરૂઆતમાં જ આ આફ્રામેક્સ ઓઈલ ટેન્કરને 7.4 કરોડ ડોલરમાં ખરીદ્યું હતું. અખાત વિસ્તારની અસ્થિર સુરક્ષા સ્થિતિને જોતા, સમગ્ર પ્રવાસ દરમિયાન પાકિસ્તાન નેવીના જહાજે આ ટેન્કરને પૂર્ણ સુરક્ષા પૂરી પાડી હતી. પાકિસ્તાન તેની ઈંધણ અને ઉર્જા જરૂરિયાતો માટે મોટાભાગે આયાતી તેલ પર નિર્ભર છે.

# બિહારમાં અથડામણ : 1 જવાન અને 2 અપરાધીના મોત

**પૂર્વ ચંપારણના** ચકિયા વિસ્તારમાં ગુનેગારો છુપાયા હોવાની બાતમી મળી હતી

મોતીહારી-પટના (બિહાર), તા. 17 (પીટીઆઈ): બિહારના પૂર્વ ચંપારણ જિલ્લામાં મંગળવારે વહેલી સવારે સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ) અને અપરાધીઓ વચ્ચે થયેલી ભીષણ અથડામણમાં એસટીએફના એક જવાન અને બે કુખ્યાત ગુનેગારોના મોત થયા છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ચકિયા વિસ્તારમાં ગુનેગારો છુપાયા હોવાની બાતમી મળતા એસટીએફ અને જિલ્લા પોલીસની ટીમે દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને ગુનેગારોએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યું હતું. આ ગોળીબારમાં એસટીએફ જવાન શ્રીરામ યાદવ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા અને સારવાર દરમિયાન શહીદ થયા હતા. વળતા પ્રહારમાં કુખ્યાત ગુનેગાર કુંદન ઠાકુર અને પ્રિયાંશુ કુમાર પણ માર્યા ગયા હતા. કુંદન ઠાકુર અનેક ગુનાહિત કેસોમાં વોન્ટેડ હતો. પોલીસે ઘટનાસ્થળેથી બે સાથીદારોની ધરપકડ કરી છે અને કાર્બાઈન, પિસ્તોલ તથા કારતૂસ જપ્ત કર્યા છે. અન્ય એક ઘટનામાં, પટનાના પંડારક વિસ્તારમાં સોમવારે રાત્રે થયેલી અથડામણ બાદ પોલીસે પાંચ ગુનેગારોની ધરપકડ કરી છે. આ એન્કાઉન્ટરમાં ધીરજ કુમાર નામના ગુનેગારને પગમાં ગોળી વાગી છે. પોલીસે તેની પાસેથી બે રાઈફલ, રિવોલ્વર અને 50થી વધુ કારતૂસ જપ્ત કરીને વધુ તપાસ હાથ ધરી છે.





# અફઘાનિસ્તાનમાં પાકિસ્તાનના હુમલા: હોસ્પિટલ પર બોમ્બમારામાં 400નાં મોત

**કાબુલમાં** ટીટીપીના ત્રાસવાદી અડ્ડાઓ અને તેમને મદદ કરતા લશ્કરી સ્થળો પર હવાઇ હુમલા કરાયા હોવાનો પાકિસ્તાનનો દાવો

**જો કે** તાલીબાન શાસકો કહે છે કે જેના પર બોમ્બમારો કરાયો તે વ્યસન મુક્તિ માટે કાર્યરત એક હોસ્પિટલ હતી

### અત્યાર સુધીમાં ૬૮૪ તાલીબાન કાર્યકરો માર્યા ગયા હોવાનો પાક.નો દાવો

તરાર દ્વારા શેર કરવામાં આવેલા ડેટા મુજબ અત્યાર સુધીમાં 684 અફઘાન તાલિબાન ઓપરેટિવ માર્યા ગયા છે અને અન્ય 912 ઇજાગ્રસ્ત થયા છે. તેમણે જણાવ્યું હતું કે તેમની 252 ચોકીઓ નાશ પામી છે, જ્યારે 44 કબજે કરીને નષ્ટ કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે તાલિબાન શાસનની 229 ટેન્કો, સશસ્ત્ર વાહનો અને આર્ટિલરી ગન નાશ પામી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અફઘાનિસ્તાનભરમાં લગભગ 73 આતંકવાદીઓ અને તેમના સહાયક માળખાગત સ્થાનોને અસરકારક રીતે નિશાન બનાવવામાં આવ્યા છે.

ઈસ્લામાબાદ, તા. 17(PTI): પાકિસ્તાને રાત્રિ દરમિયાન અફઘાનિસ્તાનમાં આતંકવાદીઓ અને તેમના સહાયક માળખાગત ઠેકાણાઓ હોવાનું જણાવીને ત્યાં ચોકસાઈપૂર્ણ હવાઈ હુમલા કર્યા હતા. જો કે, અફઘાન સરકારે ઈસ્લામાબાદ પર કાબુલમાં એક પુનર્વસન હોસ્પિટલ પર બોમ્બમારો કરવાનો આરોપ લગાવ્યો છે, જેમાં ઓછામાં ઓછા 400 લોકોનાં મોત થયા છે.

પાકિસ્તાનના માહિતી અને પ્રસારણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, 26 ફેબ્રુઆરીએ શરૂ કરવામાં આવેલું 'ઓપરેશન ગઝબ લિલ હક' હજુ ચાલુ છે, જે અંતર્ગત આ તાજેતરના હુમલા કરવામાં આવ્યા હતા. પાકિસ્તાને 2,600 કિમી લાંબી સરહદ પર અફઘાન તાલિબાન દળો દ્વારા કથિત હુમલાઓના જવાબમાં આ ઓપરેશન શરૂ કર્યું હતું. પાકિસ્તાનના માહિતી મંત્રી અતા તરારે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, પાકિસ્તાની સશસ્ત્ર દળોએ 16 માર્ચની રાત્રે 'ઓપરેશન ગઝબ લિલ હક' ના ભાગરૂપે સફળતાપૂર્વક સચોટ હવાઈ હુમલા કર્યા હતા, જેમાં કાબુલ અને નાંગરહારમાં આતંકવાદને પ્રોત્સાહન આપતા અફઘાન તાલિબાન શાસનના સૈન્ય સ્થાપનોને નિશાન બનાવવામાં આવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે કાબુલમાં બે સ્થળોએ ટેકનિકલ સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને દારૂગોળો સંગ્રહ કરવાની સુવિધાઓ અસરકારક રીતે નષ્ટ કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, હુમલા પછી થયેલા અન્ય વિસ્ફોટો સ્પષ્ટપણે મોટા દારૂગોળાના ડેપોની હાજરી સૂચવે છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે નાંગરહારમાં અફઘાન તાલિબાન શાસનની આતંકવાદને પ્રોત્સાહન આપતી ચાર સૈન્ય સાઈટ્સ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં સંકળાયેલ લોજિસ્ટિક્સ, દારૂગોળો અને તકનીકી માળખાનો નાશ કરવામાં આવ્યો હતો.

જો કે, અફઘાન તાલિબાન શાસિત સરકારના નાયબ પ્રવક્તાએ જણાવ્યું હતું કે સોમવારે રાત્રે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા બોમ્બમારામાં અફઘાનિસ્તાનની રાજધાનીમાં આવેલા ડ્રગ રિહેબિલિટેશન સેન્ટર (વ્યસન મુક્તિ કેન્દ્ર)ને નિશાન બનાવવામાં આવ્યું હતું, જેના પરિણામે ઓછામાં ઓછા 400 લોકોના મોત થયા હતા અને 250 અન્ય ઈજાગ્રસ્ત થયા હતા. X પરની એક પોસ્ટમાં ફિતરતે જણાવ્યું હતું કે હુમલામાં હોસ્પિટલનો મોટો હિસ્સો નાશ પામ્યો છે અને બચાવ ટુકડીઓ કાટમાળમાંથી મૃતદેહોને બહાર કાઢવાનો પ્રયાસ કરી રહી છે. હોસ્પિટલના આરોગ્ય અધિકારીઓને ટાંકીને મંગળવારે ટોલો ન્યૂઝે અહેવાલ આપ્યો હતો કે બચાવ કામગીરી ચાલુ હોવાથી 50 થી વધુ મૃતદેહો હજુ પણ કાટમાળ નીચે દબાયેલા હોવાની આશંકા છે. આ હવાઈ હુમલામાં પુનર્વસન સંકુલના પાંચ બ્લોક્સ નાશ પામ્યા છે, જ્યાં 3,000 જેટલા દર્દીઓ સારવાર લઈ રહ્યા હતા. જો કે તરારે દાવો કર્યો હતો કે પાકિસ્તાને કાબુલ અને નાંગરહારમાં અફઘાન તાલિબાન અને 'ફિતના અલ-ખ્વારીજ' ના ટેકનિકલ સાધનોના સ્ટોરેજ અને દારૂગોળાના સંગ્રહ સહિત સૈન્ય સ્થાપનો અને આતંકવાદી સહાયક માળખાને સચોટ રીતે નિશાન બનાવ્યા હતા, જેનો ઉપયોગ નિર્દોષ પાકિસ્તાની નાગરિકો સામે કરવામાં આવતો હતો. 'ફિતના અલ-ખ્વારીજ' એ પ્રતિબંધિત તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) માટે પાકિસ્તાની સરકાર દ્વારા ઉપયોગમાં લેવાતો શબ્દ છે. તેમણે કહ્યું, તાલિબાન શાસનના પ્રચારકો દ્વારા કરવામાં આવેલા ખોટા દાવાઓ અફઘાનો અને વિશ્વને આ પ્રદેશમાં આતંકવાદને ટેકો આપવા અને પ્રાયોજિત કરવાના તેમના જઘન્ય કૃત્યોથી ગુમરાહ કરી શકશે નહીં.

# રાંધણગેસની તંગી : સિટી ગેસ પ્રોજેક્ટો મંજૂર કરવા રાજ્યો પર કેન્દ્રનું દબાણ

**યુદ્ધનો** અંત નજીકમાં દેખાતો ન હોવાથી સરકાર વૈકલ્પિક સાધનો પર ભાર આપી રહી છે

**કાળાબજાર** અને સંગ્રહખોરી રોકવા રાજ્યોએ શરૂ કરેલી કડક કાર્યવાહીઓ



નવી દિલ્હી, તા. 17(PTI): એલપીજી પુરવઠામાં ખેંચતાણને કારણે હોટલો, વ્યવસાયો અને ઘરગથ્થુ ગ્રાહકો લાંબા પ્રતીક્ષા સમય અને ગભરાટમાં કરવામાં આવતા બુકિંગથી પ્રભાવિત થયા છે. આ સ્થિતિને પહોંચી વળવા કેન્દ્ર સરકારે રાજ્યોને પાઈપ્ડ ગેસ પ્રોજેક્ટ્સ માટેની મંજૂરીઓ ઝડપી બનાવવા જણાવ્યું છે, જેથી તેનો વ્યાપ વધારી શકાય અને રાંધણ ગેસની ઉપલબ્ધતા પરનું દબાણ ઓછું કરી શકાય.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધના કારણે ભારતની જરૂરિયાતના લગભગ 60 ટકા એલપીજી પુરવઠાનો માર્ગ અવરોધાયો છે. આ યુદ્ધનો કોઈ અંત દેખાતો ન હોવાથી સરકાર હવે ઈન્ડક્શન કૂકર જેવા વૈકલ્પિક રાંધણ માધ્યમોના ઉપયોગ પર ભાર મૂકી રહી છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, સ્થિતિ ચિંતાજનક છે, પરંતુ અમે ઘરગથ્થુ ગ્રાહકોને અગાઉની જેમ જ પુરવઠો પૂરો પાડી રહ્યા છીએ.

રિફાઈનરીઓને સ્થાનિક ઉત્પાદન વધારવા માટે કહેવામાં આવ્યું હતું, જેને ત્યારબાદ ઘરગથ્થુ રસોડા માટે અગ્રતા આપવામાં આવી હતી. હોટલ અને રેસ્ટોરાં જેવા વ્યાપારી એકમો માટે એલપીજીનો વપરાશ શરૂઆતમાં ઘટાડવામાં આવ્યો હતો, પરંતુ બાદમાં તેને તેમના સામાન્ય વપરાશના પાંચમા ભાગ (20%) સુધી પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું, આપણે વિકલ્પો તરફ જોવું પડશે. આંકડા આપતા તેમણે જણાવ્યું કે રિફિલ એલપીજી સિલિન્ડર માટે પેનિક બુકિંગ 13 માર્ચે 87.7 લાખની ટોચે પહોંચ્યું હતું, જે સોમવારે ઘટીને લગભગ 70 લાખ થયું છે. યુદ્ધ પહેલાના દિવસોમાં આ આંકડો લગભગ 55 લાખ બુકિંગનો હતો. એલપીજીના કાળાબજાર અને સંગ્રહખોરી રોકવા માટે રાજ્યોએ કડક કાર્યવાહી શરૂ કરી છે. અત્યાર સુધીમાં 12,000 દરોડા પાડવામાં આવ્યા છે અને 15,000 સિલિન્ડર જપ્ત કરવામાં આવ્યા છે. ઓઈલ કંપનીઓએ પણ 2,500 સરપ્રાઈઝ ઈન્સ્પેક્શન કર્યા છે.